અમદાવાદના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૬,માં
ક્રિ.કેસ નં. ૫૯૪૮૬/૧૮

સુરત શહેર, કાપોદ્રા પોલીસ સ્ટેશન સે .ગુ.ર.નં. ૧૭૫/૦૮
આંક–

ફરીયાદી : સરકાર

વિરૂધ્ધ

આરોપીઓ : અબ્દુલ સુભાન કુરેશી ઉર્ફે અબ્દસ સુભાન ઉર્ફે અબ્દુલ રહેમાન ઉર્ફે કાસીમ ઉર્ફે જાકીર ઉર્ફે કબ ઉર્ફે તૌકીર સ./ઓ. મોહમદ ઉસ્માન કુરેશી,

ગુનો : ઈ.પી.કો.કલમ–૧૨૦(બી),૧૨૧(એ),૧૨૪(એ), ૧૫૩(ક)(૧)(ખ),૨૦૧,૨૧૨, ૩૦૭,૪૬૫,૪૬૭, ૪૭૧, ૧૮૮ તથા અનલોફુલ એકટીવીટી ( પ્રીવેન્શન ) એકટ સને ૧૯૬૭ ની કલમ ૧૦, ૧૩, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૩, ૩૮, ૩૯ ,૪૦, તથા એક્ષપ્લોઝીવ સબટન્સ એકટ સને ૧૯૦૮ ની કલમ ૪,૫ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ સને ૨૦૦૦ ની કલમ ૬૫ તથા ૬૬ વિગેરે મુજબ.

## કમીટલ ઓર્ડર

૧. સુરત શહેર **કાપોદ્રા પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૧૭૫/૦૮**ના ગુનાના કામે તપાસ કરનાર અમલદારશ્રી સુરત શહેરનાઓએ સદર ગુનામાં પોલીસ તપાસ પૂર્ણ કરીને ક્રિ.પ્રો.કો.નીકલમ–૧૭૩ અન્વયેનો પોલીસ રીપોર્ટ અત્રેની કોર્ટમાં **નામદાર ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ–૧૨૪ ૪/૨૦૦૮(I)તા.૨–૯–૨૦૦૮**અન્વયે રજુ કરેલો છે જે રીપોર્ટ રજુ થતાં તેનો **ક્રિ.કેસ નં.૫૯૪૮૬/૧ ૮ થી તા.૨૮/૬/૨૦૧૮** ના રોજ રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે.

૨. ઉપરોકત ગુનામાં સંડોવાયેલા આરોપી વિરૂધ્ધ તપાસ કરનાર અમલદાર ધ્વારા અત્રે પોલીસ રીપોર્ટ રજુ થતાં ઉપરોકત ગુનામાં આરોપીઓને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલી. ઉપરોકત કામમાં આરોપી વિરૂધ્ધ જે ગુનાનો આરોપ છે તે ગુનો સેશન્સ ટ્રાયલ ગુનો હોવાથી, સદર ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી માત્ર સેશન્સ અદાલત કરી શકે તેમ હોઈ, **નામદાર ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ–૧૨૪૪/૨૦૦૮(II)તા.૨–૯–૨૦૦૮** અન્વયે સદરહું ગુનાની ટ્રાયલ ચલાવવા માટે સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદમાં સ્પેશ્યલ કોર્ટ, અધિકૃત કરેલ હોવાથી, સદર કેસ નામદાર સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ અમદાવાદ ખાતેની સ્પેશ્યલ કોર્ટમાં કમીટ થવા પાત્ર હોઈ, તેથી **ક્રિ.પ્ર ો.કો.નીકલમ–૨૦૯**ની જોગવાઈ મુજબ આરોપીઓ સામેની ઈન્સાફી કાર્યવાહી કરવા નામદાર સીટી સિવિલ એન્ડ સેશન્સ જજ સાહેબ તરફ કેસ કમીટ કરી મોકલી આપવો જોઈએ તેવુ મારુ માનવુ છે, તેથી નીચે મુજબનો

હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>હુકમ</u>**

ક્રિ.પ્રો.કો ની કલમ–૨૦૯ અન્વયે આ કામના આરોપી અબ્દુલ સુભાન કુરેશી ઉર્ફે અબ્દસ સુભાન ઉર્ફે અબ્દુલ રહેમાન ઉર્ફે કાસીમ ઉર્ફે જાકીર ઉર્ફે કબ ઉર્ફે તૌકીર સ./ઓ. મોહમદ ઉસ્માન કુરેશી, સામે ઈ.પી.કો.કલમ–૧૨૦(બી), ૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(ક)(૧)(ખ), ૨૦૧, ૨૧૨, ૩૦૭,૪૬૫,૪૬૭,૪૭૧,૧૮૮તથા અનલોફુલ એકટીવીટી ( પ્રીવેન્શન )એકટ સને ૧૯૬૭ ની કલમ ૧૦, ૧૩, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૩, ૩૮, ૩૯ ,૪૦, તથા એક્ષપ્લોઝીવ સબટન્સ એકટ સને ૧૯૦૮ નીકલમ ૪,૫ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ સને ૨૦૦૦ ની કલમ ૬૫ તથા ૬૬ વિગેરે મુજબનાં ગુનાનો ઈન્સાફ થવા સારૂ સદરહું કેસ નામદાર સેશન્સ કોર્ટ અમદાવાદ ખાતે સ્પેશ્યલ કોર્ટમાં કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું કેસનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ ઉપરોકત સ્પેશ્યલ કોર્ટમાં મોકલી આપવું.

સદર હુકમની જાણ સ્પેશ્યલ જજ સાહેબના પબ્લીક પ્રોસીકયુટરશ્રીને કરવી.

આજ રોજ તા.૨૯ માહે માર્ચ સને ૨૦૧૯ ના રોજ જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૯/૩/૧૯

(ડી.એસ.ડાભી)
એડી. ચીફ મેટ્રોપોલીટ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬,અમદાવાદ.